# શહેરમાં "શૂન્ય"ને સાચવવા સૌ સાથે મળીને સંકલ્પ કરીએ

**હરવા-ફરવામાં નિયંત્રણ રાખીએ-મળેલી છુટછાટનો દુરૂપયોગ ના કરીએ અને કોવિડ ગાઈડલાઈનનો ચૂસ્તપણે અમલ કરીએ તો કોરોનાની તાકાત નથી કે ત્રીજી લહેર ગાંધીનગરમાં આવે**

ગાંધીનગર, તા. ૨૧

પંદર માસના ઈતિહાસમાં બીજી વખત ગાંધીનગરમાં કોરોનાના કેસ 'શૂન્ય' રહ્યા કેવો આનંદનો દિવસ છે..!! ૪૫૦ દિવસમાં જનજીવનમાં માત્ર ૨ દિવસ કોરોના હાર્યો અને ગાંધીનગર જીત્યુ..!! હવે સંકલ્પ કરીએ કે સતત એક મહિનો આ 'શૂન્ય'ને જાળવીએ. આમ ભલે શૂન્ય ના ગમે... પણ આ ગમાડવો પડે તેવો શૂન્ય છે. જનજીવનમાં કેવી રાહત અનુભવાય..?! ઘરે ઘરની કહાની છે. ત્રીજી લહેર માટે નિષ્ણાંતો ડબલ્યુ.એચ.ઓ., આઈ.સી.એમ.આર. અને આઈ.એમ.એ. રોજેરોજ આગાહી કરે છે ત્યારે આપણા સૌમાં એક છુપો ભય સંતાઈને બેઠો છે..!! આપણને પુર્વવત ધબકતુ જનજીવન જોઈએ છે..!! આપણે તો મેળાના માણસ

**સમયસર**

છીએ... સંવેદનાના માણસ છીએ... સૌની સાથે રહેનારો સમાજ આ સમાજ જીવનને કોરોનાએ ૧૫ મહિનામાં વેર વિખેર કરી નાખ્યો છે. આપણી સૌની ઈચ્છા છે કે હવે કાળમુખો કોરોના જાય તો સારૂ..!! અને ગાંધીનગરમાં એક મહિના સુધી 'શૂન્ય' કેસ રહે તો આપણે કોરોનામુક્ત થઈ જઈએ..!!

તો આ 'શૂન્ય'ને જાળવવા આપણે સંયમ કેળવવો પડશે. બેફિકર બનીને હરવા-ફરવાનું જો એક મહિનો મોકુફ રાખીશુ તો કાયમી 'શૂન્ય' જાળવી શકીશું..!! વેપાર-ધંધામાં મળેલી છૂટમાં દુરૂપયોગ ના થાય... કોવિડની ગાઈડલાઈનનો ચુસ્તપણે એક મહિનો અમલ થાય તો સામાજીક, રાજકીય અને ધાર્મિક મેળાવડાઓ હજુય એક મહિનો મુલ્તવી રખાય તો કોરોનાની તાકાત નથી કે ગાંધીનગરમાં પ્રવેશી શકે..!! ૧૫ મહિના ભય-કાનૂન અને પોલીસના ડરે ગાઈડલાઈનનું પાલન કર્યુ..! તો હવે એક મહિનો આપણી જાતે જ વ્યક્તિગત ધોરણે કોરોના સામે જંગ માંડીએ..! ઓક્સિજન-ઈન્જેક્શનો ડૉક્ટર્સ કે હોસ્પિટલ માટે બીજી લહેર વખતે ખાધેલા ધરમ ધક્કા હજુ ચચરે છે..! ત્યારે એકાદ મહિનો સમુહમાં બહાર જવાનું ટાળીશુ તો એવો દિવસ જોવાનો નહિ આવે. પહેલી લહેર હેમખેમ પતી પછી દિવાળી ઉપર મળેલી છુટનો આપણે બે જવાબદારીથી ઉપયોગ કર્યો... પરિણામે બીજી લહેર ભયાનક બની..! હવે જ્યારે બીજી લહેર વિદાય લઈ રહી છે ત્યારે મળતી છુટનો ઉપયોગ એકાદ મહિનો સંયમપૂર્વક નહિ જીવીએ તો ત્રીજી લહેર બીજી લહેર કરતાં પણ ભયાનક બનશે..!! સામાજીક-આર્થિક અને માનસિક રીતે પરેશાન આપણે સૌ જુલાઈ અને ઓગષ્ટન ખુબ સાવધાનીપૂર્વક કોવિડને વિદાય આપીશુ તો આગાહી કરતાં નિષ્ણાંતો અને તબીબોને ગાંધીનગર પુરતા તો ખોટા પાડી શકીશુ..!! એકેએક વ્યક્તિ પોતે સંયમ પાળે... પોતાના જ્ઞાતિ સમાજને આગ્રહ કરે... સોસાયટી-સેક્ટરને ત્રીજી લહેરથી બચાવવા ગાઈડલાઈનના પાલન માટે જાગૃતિ કેળવે અને એમ આપણા શહેર કે ગામને ત્રીજી લહેરથી બચાવીશુ..!! ગાંધીનગર ગુજરાતનું પાટનગર છે. આખા ગુજરાતની નજર ગાંધીનગર પર હોય છે. ત્યારે સૌ ગાંધીનગરવાસીઓને "ગાંધીનગર સમાચાર" સમયસર અપીલ કરે છે કે "શૂન્ય"ને જાળવવા સૌ સંકલ્પબદ્ધ બનીએ.

# અમીત શાહની રૂપાણી-પટેલ સાથે બંધ બારણે બેઠક બાદ પાટનગરના રાજકીય વર્તુળોમાં અનેક અટકળો

**અમીત શાહે રાજ્યપાલશ્રીની સૌજન્ય મુલાકાત પણ કરી : વી. સતિષ પણ ગુજરાત આવ્યા હોવાથી અટકળો તેજ બની**



ગાંધીનગર, તા. ૨૧

કેન્દ્રિય ગૃહમંત્રી અમીત શાહની લંચ ડિપ્લોમસી અને બાદમાં રાજ્યપાલશ્રીની સૌજન્ય મુલાકાતને લઈ રાજકારણમાં ભારે ગરમાવો આવ્યો છે.

ડિનર ડિપ્લોમસી પૂર્વે આજે કેન્દ્રિય ગૃહમંત્રી અમીત શાહ, મુખ્યમંત્રી રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અમદાવાદમાં ફ્લાય ઓવર બ્રીજના લોકાર્પણ સમારોહમાં સાથે હતા. ત્યારે જ ગાંધીનગર ખાતે બપોરે મળીએ છીએ તેવા સંકેતોની આપ-લે થઈ હતી.

ગૃહમંત્રી તેમના સંસદીય મત વિસ્તારના પૂર્વ નિર્ધારિત કાર્યક્રમોમાં હાજરી આપી હતી. આ વેળાએ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સતત તેમની સાથે રહ્યા હતા. આ પછી બન્ને આગેવાનો એક જ ગાડીમાં ગાંધીનગર સરકિટહાઉસ ખાતે આવ્યા હતા.

ગૃહમંત્રી અમીત શાહ, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ વચ્ચે બંધ બારણે એક કલાક સુધી ચર્ચાઓ ચાલી હતી અને આ ત્રણેય નેતાઓએ લંચ પણ સાથે લીધુ હતુ.

બીજી તરફ ભાજપના સંગઠન મહામંત્રી વી. સતિષ પણ આજે ગુજરાત આવ્યા છે. તેમની આ મુલાકાત સંગઠને ખાનગી રાખી હતી પરંતુ આ પૂર્વે પ્રભારી ભૂપેન્દ્ર યાદવની ગુજરાતની મુલાકાત યોજાઈ હતી.

આ બધી બાબતોને લઈ ભાજપના વર્તુળોમાં રાજકીય ઉત્તેજનાઓ વ્યાપી જવા પામી છે.

કેન્દ્રિય ગૃહમંત્રી અમીત શાહે રાજ્યના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતની પણ સૌજન્ય મુલાકાત લેતાં રાજકીય વર્તુળોમાં અનેક તર્ક વિતર્ક શરૂ થયા છે.

કેટલાક રાજ્યના રાજકારણમાં આગામી દિવસોમાં નવા જૂની થશે તેવી અટકળો કરી રહ્યા છે. જો કે આજે રાજ્યના મુખ્યમંત્રી રૂપાણીએ આ અટકળોનો છેદ ઉડાડતાં કહ્યુ હતુ કે રાજ્યમંત્રી મંડળમાં હાલ કોઈ ફેરફાર કરવામાં આવશે નહિ કે ન તો બોર્ડ-કોર્પોરેશનમાં નિમણુંકોનો દોર શરૂ થશે.

અત્યારે તો સરકાર ત્રીજી કોરોનાની સંભવિત લહેરથી લોકોને કેવી રીતે બચાવી શકાય અને ઓછામાં ઓછા લોકો સંક્રમિત થાય તેના પર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. તેમણે કહ્યુ હતુ કે વેક્સિનેશનને સઘન બનાવવામાં આવશે.

## નવા ડી.ડી.ઓ. બુધવારે અને નવા કમિશનર ગુરૂવારે ચાર્જ સંભાળશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના બદલી પામેલા અધિકારીઓની સામે નવા નિમાયેલા અધિકારીઓ બુધવારે અને ગુરૂવારે તેમના નવા હોદ્દાના ચાર્જ સંભાળશે. જિલ્લા વિકાસ અધિકારી તરીકે નિમાયેલા સુશ્રી સુરભિ ગૌત્તમ બુધવારે સવારે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે. તેઓ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાનના અનુગામી થશે. ગુરૂવારે ગાંધીનગર મહાનગરપાલિકાના નવનિયુક્ત કમિશનર ડૉ. ધવલ પટેલ તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે. તેઓ આણંદ અને સુરત ખાતે કલેક્ટર તરીકે ફરજો બજાવ્યા પછી ગાંધીનગર કમિશનર તરીકે નિયુક્ત થયા છે. તેઓ વર્તમાન કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી ચારણના અનુગામી બનશે.

આમ બન્ને અધિકારીઓ ગુરૂવાર સુધીમાં ચાર્જ સંભાળી લેશે.

# જિલ્લાનો ગ્રામ્ય વિસ્તાર કોરોનામુક્ત

**જિલ્લામાં ૩ લાખ ૯૨ હજાર લોકોના ટેસ્ટ કરાયા : ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૯૫૮૪ લોકો કોરોનામુક્ત થયા**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાનો ગ્રામ્ય વિસ્તાર આજે કોરોનામુક્ત થયો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક પણ કેસ નોંધાયો નથી.

ગ્રામીણ વિસ્તારમાં પહેલો કેસ પેથાપુરમાં નોંધાયો હતો. સવા વર્ષ બાદ આજે પહેલીવાર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક પણ કેસ નોંધાયો નથી તેથી તંત્રએ પણ રાહત અનુભવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૧૦,૨૧૬ લોકો સંક્રમિત થયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૨ લોકો રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સૌથી વધુ કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા હતા. આ પછી કલોલ, માણસા અને દહેગામમાં નોંધાયા છે. જિલ્લામાં બીજી વેવમાં સૌથી વધુ કેસ મે માસમાં નોંધાયા હતા. મે માસમાં ૨૯૧૦ દર્દીઓ નોંધાયા હતા જ્યારે એપ્રિલમાં ૨૪૩૩ કેસ નોંધાયા હતા. આ બે મહિનાના સમયમાં જિલ્લામાં ૧૬૦ જેટલા બાળકો પણ સંક્રમિત થયા હતા. બે મહિનાના સમયગાળામાં ૧૯૦૦ થી વધુ મહિલા દર્દીઓ નોંધાતા તંત્ર હચમચી ઉઠ્યુ હતુ.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં અત્યાર સુધીમાં ૩,૯૪,૨૬૦ લોકોના એન્ટીજન અને આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરવામાં આવ્યા છે. જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે અત્યાર સુધીમાં ૯૫૮૪ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે પણ ૧૭૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે પણ ૨૬૨ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા ૧૦ દિવસથી કેસોમાં સતત ચડાવ-ઉતારની સ્થિતિ બાદ આજે એક પણ કેસ ન નોંધાતા તંત્રએ મોટી રાહત અનુભવી છે.

# વેક્સિનેશન મહાઅભિયાનના પ્રથમ દિવસે જિલ્લામાં ૧૭,૪૨૧ લોકોને આવરી લેવાયા

**ગ્રામ્ય વિસ્તારમાં ૧૩૦૫૭ અને શહેરમાં ૪૩૬૪ લોકોને આવરી લેવાયા**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં કોરોના વેક્સિનેશન મહા અભિયાનના પ્રથમ દિવસે જ ૧૭,૪૨૧ લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવાયા છે જે એક વિક્રમ છે.



૧૬મી જાન્યુઆરીથી શરૂ થયેલા વેક્સિનેશન અભિયાનમાં આજે સૌથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે. ગાંધીનગર શહેરમાં આજે ૩૦ થી વધુ સ્થાનો પર વેક્સિનેશન અભિયાન યોજવામાં આવ્યુ હતુ જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૯૦ સ્થાનો પર આ અભિયાન યોજવામાં આવ્યુ હતુ.

આજે વેક્સિનેશન દરમ્યાન ૧૮ થી ૪૫ વય જૂથના લોકો મોટી સંખ્યામાં બહાર આવ્યા હતા. મળેલા અહેવાલો પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૩૦૫૭ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

શહેરમાં પણ આજે ૧૮ થી ૪૫ ની વય જૂથના યુવાઓ મોટી સંખ્યામાં વેક્સિનેશન માટે બહાર આવ્યા હતા. ઓપન વેક્સિનેશન અને મહા અભિયાનનો આરંભ થયો છે. આજે શહેરમાં ૪૩૬૪ લોકોને આ અભિયાનમાં આવરી લેવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના માર્ગો આસપાસ સ્ટોર્મ વોટરની ચેમ્બરમાંથી કચરાના ઢગ નિકળ્યા

**પાણીની બોટલ અને પ્લાસ્ટીક બેગ્સનો ઢગ ખડકાયો : સ્વચ્છતાના મામલે નાગરિકોમાં હજુ જાગૃતિનો અભાવ : કોર્પોરેશન કક્ષાએથી પણ યોગ્ય સફાઇ થતી ન હોવાનો આક્રોશ**

ગાંધીનગર તા ૨૧

શહેરમાં વરસાદી દિવસોની શરૂઆત થતા જ સેકટરોમાં તેમજ મુખ્યમાર્ગો પર વરસાદી પાણીના ખાબોચિયા ઉભરાતા નજરે પડે છે.



સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈન નાંખ્યા બાદ પણ વરસાદી પાણીનો નિકાલ ન થતો હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. કોર્પોરેશન દ્વારા સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈન નાંખવાની કામગીરી દરમિયાન આડેધડ ખોદકામ કરીને પણ સ્થાનિકો માટે અનેક સમસ્યાઓ ઉભી કરી છે. જેનો એક વર્ષના અંતે પણ નિકાલ આવ્યો નથી. કરોડો રૂપિયાના ખર્ચે વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખ્યા બાદ ઝાપટા વરસાદમાં જ જળબંબાકારના દ્રશ્યો આજે પણ જોવા મળી રહ્યા છે. બીજીતરફ શહેરના મુખ્યમાર્ગો પર પણ વરસાદી પાણીનો ભરાવો થતો હોવાની ફરિયાદો વધી હતી. દર વર્ષ કરતા આ વખતે વરસાદની એન્ટ્રી વહેલી થઈ છે. જયારે રોજબરોજ ઝાપટા વરસાવતા મેઘરાજાના લીધે નગરના માર્ગો પર વરસાદી પાણીના ખાબોચિયા જોવા મળી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે ભારે વરસાદના સંજોગોમાં પણ વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થાય તે માટે પાટનગર યોજના ભવન દ્વારા વરસાદી પાણીના નિકાલની લાઈનની સફાઈ કરવામાં આવી હતી મુખ્યમાર્ગો આસપાસ સ્થિત ચેમ્બરોની સફાઈ દરમિયાન પાણીની બોટલ તેમજ પ્લાસ્ટીકના પેકેટસનો ઢગ તંત્રના માણસોએ લાઈનમાંથી બહાર કાઢયો હતો. જેના પરથી સ્થાનિક નાગરિકોની સફાઈ મામલે શિસ્ત તેમજ કોર્પોરેશન કક્ષાએથી થતી સફાઈ સામે પણ ગંભીર પ્રશ્ન ઉઠવા પામ્યો છે. જાહેરમાં કચરો ફેંકવાની નાગરિકોની આદત તેમજ સામે કોર્પોરેશન સફાઈ વેરો ઉઘરાવીને પણ યોગ્ય સફાઈ ન કરતા પાણી ગટરની લાઈનમાં પણ કચરાના ઢગ ખડકાય છે. તંત્ર દ્વારા વરસાદી દિવસોને ધ્યાનમાં રાખીને સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરોની સફાઈ કરવામાં આવી રહી છે. જેના લીધે આગામી દિવસોમાં વરસાદી પાણીનો નિકાલ સરળતાથી થઈ શકશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

# મનપાની કચરાપેટી જ ગંદકીનુ ઉદભવ સ્થાન

**નગરજનો ત્રસ્ત : કોર્પોરેશનની ટીમ અડધો કચરો ટ્રકમાં ઠાલવી સ્થળ પર ઉકરડો કરી રવાના થઇ જતા સેકટરોમાં તેમજ જાહેર સ્થળો પર ખદબદતી ગંદકી**

ગાંધીનગર તા ૨૧

કચરો હટાવો શહેરને રોચક બનાવોનુ અભિયાન જ ગંદકીનુ ઉદભવ સ્થાન બન્યુ છે. શહેરના સેકટરો તેમજ જાહેર સ્થળો પર કચરાના કન્ટેઈનરમાંથી કચરો ઉપાડવા માટે સેકટરોમાં આંટા મારતી કોર્પોરેશનની ટ્રક માર્ગો પર ગંદકી ફેલવાનુ કામ કરે છે. જાહેર સ્થળો પર કચરાપેટીમાંથી કચરો ઉપાડવાની કામગીરી દરમિયાન પણ સ્થળ પર ઉકરડા અસ્તિત્વમાં આવે છે. કચરો એકત્રિત કરવાની કામગીરી આડેધડ થતા શહેરમાં ગંદકીની સમસ્યા જટીલ બનતી જાય છે.





પ્રધાનમંત્રીના સ્વચ્છ ભારતના અભિયાનની જાણે ગાંધીનગરના વહીવટી તંત્ર પર કોઈ જ અસર નથી. આમ નાગરિકો હવે કાર ડસ્ટબીનનો ઉપયોગ કરતા થઈ ગયા છે. પરંતુ સફાઈના નામે લાખોના ખર્ચે મશીનરી અને મેનપાવરનો ઉપયોગ કરીને પણ મહાનગરપાલિકાનુ તંત્ર અસરકારક કામગીરી કરી શકતુ નથી. ઘરે ઘરે કચરો ઉઠાવાના મામલે પણ હજુ યોગ્ય વ્યવસ્થા ગોઠવાઈ નથી. સેકટરોમાં તેમજ જાહેર જગ્યાએ મુકવામાં આવેલા કચરાના કન્ટેઈનરો પણ નિયમિત ખાલી થતા નથી. જેના લીધે કચરા પેટીઓ જ ગંદકીનુ ઉદભવ સ્થાન બની છે. બીજીતરફ ગંદકીથી ખદબદતી ડસ્ટબીન ખાલી કરીને કચરો ઉપાડવા નિકળતી કોર્પોરેશનની ટ્રક આખા શહેરમાં ગંદકી ફેલાવે છે. કચરો ઉપાડવાની સાથે શહેરમાં કચરો પાથરવાનુ કામ પણ કરે છે.

જયારે ડસ્ટબીન ખાલી કરવાની કામગીરીના અંતે અડધો કચરો સ્થળ પર જ ઠાલવી દેતા જાહેર સ્થળોએ સફાઈ રાખવાના બદલે ઉકરડા અસ્તિત્વમાં આવે છે. શહેરના સેકટરો તેમજ જાહેર સ્થળોએથી કચરો ઉપાડવા માટે રાઉન્ડ લેતા ટ્રકમાં જરૂરી મશીનરીની મદદથી કન્ટેઈનર ઉંચકીને કચરો ઠાલવી દેવામાં આવે છે. પરંતુ આ દરમિયાન સ્થળ પર જ ઉકરડો ખડકીને ટીમ રવાના થઈ જાય છે જયારે આગળ જતી ટ્રકમાંથી પણ શહેર આખામાં ગંદકી પ્રસરે છે. જેના લીધે કચરો એકત્રિત કરવાની આ કામગીરી જ ગંદકીનુ ઉદભવ સ્થાન બની છે. કોર્પોરેશનના તંત્ર દ્વારા આ કામગીરીનુ કોઈ સુપરવિઝન પણ થતુ નથી જેના લીધે શહેરમાં ગંદકીનો પ્રશ્ન જટીલ બન્યો છે. કોર્પોરેશન કચરો એકત્રિત કરવાનુ નહી પરંતુ ગંદકી ફેલાવાની કામગીરી કરતુ હોવાનુ સ્પષ્ટ થયુ છે.

# આજે ગાંધીનગર તાલુકા પંચાયત કારોબારી સમિતિની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર તાલુકા પંચાયતની કારોબારી સમિતિની બેઠક આજે ગાંધીનગર ખાતે તાલુકા પંચાયતની કચેરીમાં મળશે.

વનતી બા સોલંકીના અધ્યક્ષપદે મળનારી આ બેઠકનું રાજકીય મહત્વ વિશેષ છે. ચેરમેન સામે અવિશ્વાસની દરખાસ્ત રજુ થયા બાદ સમાધાન થયુ હતુ અને આજે આ બેઠક મળવાની છે.

આ બેઠક સવારે ૧૧ વાગે મળશે. જેમાં નવા વિકાસ કામોને બહાલી આપવામાં આવશે. આ ઉપરાંત આ બેઠકમાં હાલ ચાલી રહેલા કામોની સમીક્ષા પણ કરવામાં આવનાર છે.

ગાંધીનગર તાલુકા પંચાયતનુ શાસન શહેરની હદ વધતા કોંગ્રેસ પાસે આવ્યુ છે. જો કે કોંગ્રેસ પક્ષની આંતરિક જૂથબંધીને કારણે અને કોરોનાની મહામારીને લઈ વિકાસ કામોમાં થોડીક રૂકાવટ જોવા મળી રહી છે. આજની બેઠકમાં વિકાસ કામો તેની સમય મર્યાદામાં પૂર્ણ થાય તે જોવા તંત્રને તાકીદ કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

# શહેરમાં છાંટેદાર વરસાદથી નગરજનો અકળાયા

**રોજબરોજ ગોરંભાતા વરસાદી વાદળોના અંતે માત્ર છાંટણા વરસે છે : મેઘરાજા ધોધમાર વરસતા નથી**

ગાંધીનગર તા ૨૧

શહેરમાં છેલ્લા એક સપ્તાહથી આકાશમાં રોજબરોજ વરસાદી વાદળોનો ઘેરાવ જોવા મળે છે. પરંતુ મેઘરાજાનો મિજાજ મંદ હોવાથી વરસાદ ધોધમાર વરસતો નથી છેલ્લા ચાર પાંચ દિવસથી છાંટેદાર વરસાદના લીધે નગરજનો પણ અકળાયા છે. જળ ભરેલા વરસાદી વાદળો મન મુકીને વરસતા નથી જો કે સતત વાદળિયા અને વરસાદી માહોલના લીધે શહેરમાં ઠંડક પ્રસરી છે. નગરની હરિયાળી નિખરી છે. પરંતુ વરસાદના મંદ મિજાજથી નગરજનો અકળાયા છે.

ગાંધીનગરમાં વરસાદનો મંદ મિજાજ યથાવત છે. રોજબરોજ આકાશમાં ગોરંભાયેલા મેઘરાજા છાંટણા વરસાદી હાથતાળી આપી જાય છે. વરસાદી વાદળોના ઘેરાવ વચ્ચે શહેરમાં સતત વાદળિયા વાતાવરણથી ગરમીનો પારો ગગડયો છે. બીજીતરફ મેઘરાજાના છાંટેદાર મિજાજથી નગરજનો અકળાયા છે.

રોજબરોજ હળવા છાંટણા વરસાવી વિદાય લઈ લેતા વરસાદી વાદળોના લીધે શહેરના માર્ગો પર ભીંજારો જોવા મળે છે. જયારે સેકટરોમાં પણ પાણીના ખોબોચિયા ભરાય છે. સતત છેલ્લા એક સપ્તાહથી મેઘરાજાનો આ મંદ મિજાજ યથાવત છે. અત્યાર સુધીમાં હળવા ભારે ઝાપટના અંતે સિઝનનો ૬૦ મી મી વરસાદ વરસ્યો છે. શહેરમાં સિઝનનો સવા બે ઈંચ વરસાદ થયો છે. જયારે આજે દિવસ દરમિયાન ૧૦ .૫ મી મી વરસાદ નોંધાયો છે. સતત વરસાદી માહોલના લીધે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. રોજ સવારથી બપોર સુધી તડકી છાયડી વચ્ચે આકાશમાં ડોકીયા કરતા વરસાદી વાદળો શહેરના માર્ગોને ભીંજવી જાય છે.

વરસાદી મોસમની શરૂઆત સાથે શહેરમાં ગરમીનો પારો પણ ૩૦ ડીગ્રીની આસપાસ જોવા મળે છે. વરસાદી ઝાપટાના લીધે નગરની હરિયાળી નિખરી છે. ત્યારે હવે મેઘરાજા પણ મન મુકીને વરસે તેવી આશ સેવાઈ રહી છે. વરસાદી છાંટણા વચ્ચે સતત વાદળિયા વાતાવરણથી સેકટરોમાં મચ્છર અને જીવાતનો ઉપદ્રવ વધી રહ્યો છે. જેના લીધે રોગચાળાની દહેશતને ડામવા સફાઈ ઝુંબેશ તેમજ દવા છંટકાવની કામગીરી હાથ ધરવાની અનિવાર્યતા છે.

## ગાંધીનગર શહેરમાં કોરોનાનો એક કેસ સે. ૩માં નોંધાયો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેર કોરોનામુક્ત ગઈકાલે થયુ હતુ પરંતુ આ કોરોનામુક્તિ ક્ષણજીવી પુરવાર થઈ છે. આજે શહેરમાંથી એક કેસ નોંધાયો છે.

ગાંધીનગર શહેરમાં સે. ૩ માંથી આજે કોરોનાનો કેસ મળ્યો છે. સે. ૩ માં ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે વધુ ૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે ૩૬ જેટલા એક્ટીવ કેસ સારવાર હેઠળ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com